**માન. અધ્યક્ષશ્રી, માન. મંત્રીશ્રી**

શ્રીમતી ભાનુબેન બાબરિયા માંગણી નં. ૯૨, ૯૫ અને ૧૦૫, રૂપિયા ૬૮૮૪.૯૩ કરોડના અંદાજો માટે માંગણી લઇને આવ્યા છે તેમને મારુ સમર્થન આપું છું. અને માંગણી નં. ૧૦૫ મહિલા અને બાળવિકાસમાં મારા વિચારો રજૂ કરું છું.

**માન. અધ્યક્ષશ્રી,**

જ્યારથી ગુજરાતમાં અમારી સરકાર આવી ત્યારથી મહિલા અને બાળ વિકાસ વિભાગને દર વર્ષે બજેટમાં વધારો કરીને પુરેપુરો ન્યાય આપેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

આ ગૃહમાં મને કહેતા ગર્વ થાય છે કે ફક્ત એક દાયકાના ટૂંકાગાળામાં મહિલા અને બાળ વિકાસના નેજા હેઠળ આજે રાજ્યમાં મહિલાઓના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ નોંધપાત્ર કામગીરીઓ થઇ છે, જે દ્વારા મહિલાઓના કલ્યાણ, શિક્ષણ, પોષણ, સશક્તિકરણ અને રક્ષણ માટે હંમેશા કટિબદ્ધ છે. તેથી જ આજે મહિલાઓની સુરક્ષા, સ્વાવલંબન અને સશક્તિકરણ માટે; “સક્ષમ નારી સશક્ત ગુજરાત" હેઠળ મહિલા અને

બાળ વિકાસ વિભાગ નવીન પહેલ દ્વારા સફળતાના સોપાનસર કરી રહ્યું છે. જે અંતર્ગત કેટલીક માહિતી હું આ ગૃહને જણાવવા માંગું છું.

**માન. અધ્યક્ષશ્રી,**

રાજ્યના સર્વાંગી વિકાસ માટે તમામ વર્ગોની આર્થિક અને સામાજિક ઉન્નતિ જરૂરી છે.

**માન. અધ્યક્ષશ્રી,**

આ માટે સરકારશ્રી દ્વારા મહિલાના કલ્યાણ માટે વર્ષ ૧૯૮૮માં મહિલા અને બાળ વિકાસ કચેરીની રચના કરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર યોજના ૨૦૦૬ થી અમલમાં આવેલ છે. આ યોજના થકી કાનુની માર્ગદર્શન અને રોજગારીની તાલીમ આપવામાં આવે છે. હાલમાં ૩૦ જિલ્લા મથકે કેન્દ્રો ચાલે છે. તાલુકા અને શહેરી વિસ્તારમાં ૨૦૫ મળી કુલ ૨૩૫ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો ચાલે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

વહાલી દીકરી યોજના બાબતે હું સભાગૃહને જણાવવા માંગીશ કે ....

સમાજમાં દીકરીઓનું જન્મ પ્રમાણ વધારવા અને બાળલગ્ન અટકાવવા તેમજ દીકરીઓનું આર્થિક–સામાજિક સ્થિતિ મજબુત કરવા માટેની" વ્હાલી દીકરી" યોજનાને તા.૦૨/૦૮/૨૦૧૯ના રોજ રાજકોટથી માન. મુખ્યમંત્રીશ્રીના વરદ. હસ્તે અમલમાં મુકવામાં આવી છે. જેમાં ૧૦૦ ટકા રાજ્ય સરકારનો ફાળો છે. આ યોજનાનો ઉદ્ધેશ દિકરીઓનું જન્મ પ્રમાણ વધારવું, દિકરીઓના શિક્ષણમાં વધારો કરવા અને ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવો, દિકરીઓનું સમાજમાં સર્વાંગી સશક્તિકરણ કરવું, તથા બાળલગ્ન અટકાવવાનો છે.

**માન. અધ્યક્ષશ્રી,**

આ યોજનામાં ડીજીટલ ગુજરાત પોર્ટલ મારફતે લાભાર્થીની ઓનલાઈન અરજી કરવામાં આવે છે. ઓનલાઈન અરજીનું વેરીફીકેશન કરી લાભાર્થીને ઓનલાઈન મંજૂર થયેલ સહાયનો મંજૂરી હુકમ આપવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

લાભાર્થી દીકરીને પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂપિયા ૪,૦૦૦/–, નવમા ધોરણમાં પ્રવેશ વખતે રૂપિયા ૬,૦૦૦/– અને ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ/લગ્ન સહાય તરીકે રૂપિયા ૧,૦૦,૦૦૦/– લાભાર્થી

દીકરીને મળવાપાત્ર છે. મને કહેતા આનંદ થાય છે કે ડિસેમ્બર-૨૦૨૩ સુધીમાં કુલ 2.19 લાખ લાભાર્થીઓને સહાય મંજુર કરવામાં આવી.

**માન. અધ્યક્ષશ્રી,**

વ્હાલી દિકરી યોજના અંતર્ગત સહાય આપવા માટે રૂપિયા ૨૫૨.૩૪ કરોડની જંગી માતબર રકમની જોગવાઇ કરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના બાબતે હું સભાગૃહને જણાવવા માગીશ કે ...

વર્ષ: ૨૦૧૮-૧૯ સુધી વિધવા બહેનોને માસિક રૂપિયા ૧૦૦૦/- સહાય ચુકવવામાં આવતી હતી, જેમાં મહિલા અને બાળ વિકાસ વિભાગના તા: ૦૮/૦૩/૨૦૧૯ નાં ઠરાવથી તા: ૦૧/૦૪/૨૦૧૯ની અસરથી રૂપિયા ૨૫૦/- જેટલો વધારો કરીને હવે માસિક સહાય રૂપિયા ૧૨૫૦/- ચુકવવામાં આવે છે. લાભાર્થીનો પુત્ર ૨૧ વર્ષનો થતાં અગાઉ વિધવા સહાય બંધ કરવામાં આવતી હતી. તે શરત મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૦૮/૦૩/૨૦૧૯નાં ઠરાવથી રદ કરી બધા જ લાભાર્થીઓને આજીવન સહાય આપવાનું નક્કી કરાયેલ છે. એટલે હાલમાં

પાત્રતા ધરાવતા બધા જ લાભાર્થીઓને આજીવન સહાય ચુકવવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

માર્ચ-૨૦૨૦ થી એન.એસ.એ.પી. પોર્ટલ પર ડી.બી.ટી. ની શરૂઆત કરવામાં આવેલ છે.અગાઉ તા:૦૮/૦૩/૨૦૧૯ની સ્થિતિએ લાભાર્થીઓની સંખ્યા એક લાખ ૪૮ હજાર ત્રણસો તેત્રીશ (૧,૪૮,૩૩૩) હતી. પરંતુ ૨૧ વર્ષના પુત્રની જોગવાઈ રદ કરાતા લાભાર્થીની સંખ્યામાં મોટો વધારો થયેલ છે. ડિસેમ્બર-૨૦૨૩માં ૧૪.૭૮ લાખ લાભાર્થીઓને સહાયનું ચુકવણુ કરેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

ચાલુ નાણાકીય વર્ષ:૨૦૨૩-૨૪ માં કુલ: ૧૯૮૧.૭૬ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં ડિસેમ્બર- ૨૦૨૩ સુધીમાં રૂપિયા ૧૭૦૪.૫૨ કરોડનો ખર્ચ થયેલ છે.ભારત સરકાર દ્વારા ઈન્દિરા ગાંધી નેશનલ વિડો પેન્શન સ્કીમ યોજના અંતર્ગત ૨.૧૮ લાખ લાભાર્થીની મર્યાદામાં લાભાર્થી દીઠ રૂપિયા ૩૦૦.૦૦ ચુકવવામાં આવે છે. બાકીનાં રૂપિયા ૯૫૦.૦૦ લાભાર્થી દીઠ રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવે છે.

તેમજ રૂપિયા ૨૩૬૨.૬૩ કરોડની જોગવાઇ વર્ષ ૨૦૨૪- ૨૫ માં કરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

ગંગા સ્વરૂપા પુન:લગ્ન આર્થિક સહાય યોજના વિશે આ સન્નમાનિય ગૃહને કહેવા માંગીશ કે

આ યોજનાનો ઉદ્દેશ રાજયની ગંગા સ્વરૂપા મહિલાઓની સામાજિક, આર્થિક સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. ગંગા સ્વરૂપા મહિલાઓને પુન:લગ્નને પ્રોત્સાહન આપવા "ગંગા સ્વરૂપા પુન:લગ્ન આર્થિક સહાય યોજના" તા.૨૭/૦૬/૨૦૨૧ના ઠરાવથી તા:૦૧/૦૪/૨૦૨૧થી અમલમાં છે. "ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનો લાભ મેળવનાર ૧૮ થી ૫૦ વર્ષની ઉમરની કોઈપણ પુન: લગ્ન કરનાર ગંગા સ્વરૂપા મહિલા આ યોજનાનો લાભ લઈ શકશે.

**માન. અધ્યક્ષશ્રી,**

સને ૨૦૨૩-૨૪ માં ડિસેમ્બર-૨૦૨૩ અંતિત કુલ:૪૭૩ લાભાર્થીઓની સહાય મંજુર કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત લાભાર્થીને ૨૫,૦૦૦/- રોકડા/ચેકથી ખાતામાં જમા અને ૨૫૦૦૦/-ના રાષ્ટ્રીય

બચત પત્રો એમ કુલ ૫૦,૦૦૦/- ની સહાય આપવાનું ઠરાવવામાં આવેલ છે.

**ધન્યવાદ,**

**જય જય ગરવી ગુજરાત**